# લાયન્સ કલબ ઓફ હિંમતનગર દ્વારા મેડીકલ ચેક અપ કેમ્પ યોજાયો

હિંમતનગર, તા.૨૭

લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડિવાઈન તથા ગણેશ યુવક સેવા મંડળ દ્વારા સિદ્ધી વિનાયક ગણપતિ મંદિર હરિઓમ સોસાયટી, મહાવીરનગર ખાતે ગણેશ ઉત્સવની સાથે વિવિધ મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના ૧૫૦૦થી વધુ દર્દીએ લાભ લીધો હતો.

લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન આયોજીત મેડીકલ કેમ્પમાં ડેન્ટલ, આઈ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, સ્ત્રી રોગ સહિતના દર્દીઓનું ચેક અપ કરવામાં આવ્યું હતું. ધર્મ સાથે હેલ્થ ચેક અપ કેમ્પ યોજાતા આસપાસના રહીશો ખુશ જણાયા હતા જયારે ગણેશ યુવક સેવા મંડળ દ્વારા ૨૨માં ગણપતિ મહોત્સવ માં ડાયરો, ભજન સંધ્યા, જાદુગર શૉ, હાસ્ય દરબાર, બાળ પ્રતિભા શોધ-ડાન્સ તથા નાટકના કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડિવાઈન તેમજ ગણેશ યુવક સેવા મંડળના પ્રમુખ બ્રિજેશ પટેલ, મંત્રી મોહનભાઈ નાયી, આર.સી. અનિલભાઈ, જય સીંધાણી, રૂચીર ભટ્ટ, અર્ચનાબેન સોની, કાજલબેન દોશી, નીતિન પરમાર સહિતના સભ્યો હાજર રહ્યા હતા. જયારે યુવક મંડળના તમામ સભ્યોએ કાર્યક્રમો સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ પૂર્ણ થતાં આજે અનંત ચૌદશના દિને ઠેર ઠેર ગણેશ વિસર્જનના કાર્યક્રમ યોજાયા હતા. શીવ ગૌરી પુત્ર દૂંદાળા દેવ ગણેશજીને ભાવભેર વિદાય આપવા હજ્જારો ગણેશ ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ગણપતિ બાપા મોરીયા... અગલે બરસ તુ જલદી આના...ના ગગનભેદી નારો ઠેર ઠેર સાંભળવા મળતા હતા.

# મુખ્યમંત્રીના સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણમાં ૭૫ ટકા જન સમસ્યાઓનું નિવારણ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રજા વર્ગોના પ્રશ્નો-રજૂઆતોના સ્થળ પર નિવારણના કોમ્પ્યુટર ટેક્નોલોજી વિનિયોગ ઉપક્રમ ''સ્વાગત ઓનલાઈન''માં સપ્ટેમ્બર-૨૦૧૫ માસ દરમિયાન ૭૫ ટકા જન ફરિયાદોનું નિવારણ કર્યું છે.

શ્રીમતી આનંદીબહેન સમક્ષ રાજ્ય સ્વાગતમાં રજૂ થયેલ ૮ રજૂઆતોની સુખદ નિરાકરણ લાવવા સાથે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્વાગતમાં સમગ્રતયા ૩૦૩૧ નાગરિકોની વિવિધ રજૂઆત પૈકી ૨૨૮૪ કિસ્સામાં ત્વરીત નિરાકરણ થયુ છે.

મુખ્યમંત્રીશ્રીએ 'સ્વાગત'ના માધ્યમથી જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓને જન સમસ્યાઓના નિવારણ અને સુવિધા વૃદ્ધિના કામોને ગતિ આપવા અનુરોધ કર્યો હતો.

તેમણે રાજ્યમાં પ્રવર્તમાન ડેન્ગ્યૂ, સ્વાઈન ફ્લૂના રોગચાળાને ડામવા જિલ્લાતંત્ર વાહકો, હોસ્પિટલોની સ્વંય મુલાકાત લઈ સફાઈ, દવાઓની પરિસ્થિતિ તેમજ ઘર-ઘર સફાઈ સ્વચ્છતા માટે મોનિટરિંગ કરે અને મચ્છર પોરા જણાય ત્યાં દૂર કરવાના ઉપાયો હાથ ધરવા આરોગ્યતંત્રનું માર્ગદર્શન કરે તેવી સ્પષ્ટ સુચના આપી હતી.

રોગ અટકાયત માટે આયુર્વેદ, ઉકાળા વિતરણ શરૂ કરાવવા તથા નાગરિકો તેનો લાભ લે તે હેતુ જરૂરી પ્રબંધ પ્રસારની વ્યવસ્થા કરવા પણ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને તંત્ર વાહકોને માર્ગદર્શન આપ્યું હતુ.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ઘાસચારા અને પીવાના પાણીની સ્થિતિ અંગે સમીક્ષા કરવા તથા કોઈ સમસ્યા પણ હોય તો, રાજ્ય સરકારના ધ્યાને લાવવા કલેકટરોને દિશા-નિર્દેશો આપ્યા હતા. તેમણે રાજ્ય સરકારની પ્રજા-કલ્યાણ નીતિઓનો વ્યાપક લાભ જન જન સુધી પહોંચે તે માટે જિલ્લાતંત્ર વાહકોને સંવાહક બનવા અનુરોધ કર્યો હતો. 'સ્વાગત' ઓનલાઈન જન ફરિયાદ નિવારણનો આ કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રી દ્વારા જનસેવા કાર્યોના તંત્રવાહકોને માર્ગદર્શનનું પ્લેટફોર્મ બની રહ્યું.

આ વેળાએ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય ભાદૂ, સંબંધિત સચિવશ્રીઓ તથા જનસંપર્ક એકમના નાયબ સચિવશ્રી હેમાંગ પુરોહિત, નાયબ કલેકટરશ્રી ચંદ્રેશ કોટક પણ ઉપસ્થિત હતા.



ખેડબ્રહ્મા શહેરમાં ગણેશ મહોત્સવના અંતિમ દિવસે ભાવિકોએ ભારે ઉત્સાહપૂર્વક વિઘ્નહર્તા વિનાયક ગણપતિ દાદાને વિસર્જીત કરી વિદાય આપી હતી.

# આજે અંબાજી મહામેળાની પુર્ણાહૂતિ

## જિલ્લા વહીવટીતંત્ર-અંબાજી ટ્રસ્ટના યોગ્ય આયોજનથી યાત્રિકોને સુવિધા : હાલ અંબાજી તરફના રસ્તા હાઉસફુલ

અંબાજી, તા. ૨૭

અંબાજી ભાદરવી મહામેળો હવે અંતિમ ચરણમાં છે. ૨૨ સપ્ટેમ્બરથી પ્રારંભ થયેલ આ પવિત્ર મહાપર્વનું આજે ૨૮મી સપ્ટેમ્બર પુનમના દિવસે સમાપન થશે. ઉલ્લેખનીય ચે કે, માત્ર ગુજરાતમાં જ નહિં પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા આ ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તો દુર દુરથી ચાલતા આવે છે. આ વરસે પણ લાખો શ્રદ્ધાળુઓ દુર દુરથી અંબાજી આવી રહ્યા છે. ખેડબ્રહ્મા અંબાજી રોડ, વિસનગર-ખેરાલુ અંબાજી રોડ અને પાલનપુરથી અંબાજી રોડ ઉપર માઈભક્તોની ભરચક સંખ્યા રહી છે.

બનાસકાંઠાના કલેક્ટર કમ અંબાજી દેવસ્તાન ટ્રસ્ટના ચેરમેન દિલીપ રાણાની સૂચના અને માર્ગદર્શન અનુસાર મેળામાં કેટલાક નવીન અને સરસ સુધારાઓ કરવામાં આવ્યા છે. પરિણામે યાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ બની છે. અંબાજીમાં ચોમેર સરસ સ્વચ્છતા અને મેળામાં દોડતી મોટાભાગની એસટી બસો નવીન જોઈને યાત્રિકોને આનંદ થયો છે. કલેક્ટરના આ અભિગમની લોકોએ સરાહના કરી છે. અંબાજીમાં ઉમટતા લાખો માઈભક્તોને પરત ઘેર જવા માટે પુરતી સંખ્યામાં બસો હોવાથી અંબાજીમાં અતિશય ભીડ નિવારી શકાય છે. આવી સરસ સુવિધાને લીધે યાત્રિકો મુશ્કેલી વગર પોતાને વતન સરળતાથી પાછા ફરી રહ્યા છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સૂત્રો તરફથી મળેલ જાણકારી પ્રમાણે ૨૬મી સપ્ટેમ્બરના સાંજના ૪.૩૦ વાગ્યા સુધીમાં મંદિરને ૨.૮૯ કરોડ ભેટની આવક મળી હતી.

૩૪૦૩ ધજાઓ ચડાવવામાં આવી હતી. ૧૦૮૬૪૧૧ પ્રસાદના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૫૬૦૧૨ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લીધો હતો તથા ૧૯૩૫૦૩૯ યાત્રિકોએ માતાજીના દર્શન કર્યા હતા. મંદિરની વિવિધ રોશનીથી ભવ્ય સજાવટ કરવામાં આવી છે. અંબાજી મુકામે મિની મહાકુંભનો ભવ્ય માહોલ સર્જાયો છે. માતાજીના મૂળ પ્રાગટ્ય સ્થાન મનાતા ગબ્બર મુકામે વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉમટી રહ્યા છે. આજે ૨૮મી સપ્ટેમ્બર પુનમનો દિવસ ભારદવા મેળાનો છેલ્લો દિવસ છે. આજે નિયમિત પૂનમ ભરતા શ્રદ્ધાળુઓ પણ ઉમટશે.

### શ્રદ્ધાળુઓ ઉમટ્યા...

આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ભાદરવી પૂનમ મહામેળાના સંદર્ભમાં ઉપયોગી માહિતી જારી કરવામાં આવી છે. મિડિયા સેલ દ્વારા જે માહિતી જારી કરવામાં આવી છે તે નીચે મુજબ છે.

| તારીખ | યાત્રીઓ | પ્રસાદ વિતરણ |
|---|---|---|
| ૨૨મી | ૧૨૩૨૪૫ | ૮૬૨૦૦ |
| ૨૩મી | ૨૪૧૮૧૬ | ૧૬૧૦૫૫ |
| ૨૪મી | ૩૨૭૦૧૬ | ૩૧૪૦૯૮ |
| ૨૫મી | ૬૦૫૮૧૮ | ૨૭૭૧૫૫ |
| ૨૬મી | ૬૩૭૧૪૪ | ૨૪૭૯૦૩ |
| ૨૭મી | ૪૭૮૮૨૨ | ૨૪૫૮૩૦ |
| કુલ | ૨૪૧૩૮૬૧ | ૧૩૩૨૨૪૧ |

# ચીચારન પાટીયા પાસે અકસ્માત થતાં મહિલાનું મોત

હિંમતનગર, તા.૨૭

વિજયનગર તાલુકાના ચીચારન ગામના પાટીયા પાસે બાઈક અને પ્લેઝર વચ્ચે ગુરૂવારે થયેલા અકસ્માતમાં એક મહિલાનું મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

ચીચારન ગામના પાટીયા પાસેથી બાઈક નં.જીજે.૯.સીડી. ૯૨૨૩ નો ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી સામેથી આવતા પ્લેઝર નં.જીજે.૯. સીજે.૫૪૩૨ ને ટક્કર મારતા શૈલેષભાઈ અસારીને તથા તેમની પાછળ બેઠેલ લીલાબેનને ઈજા પહોંચાડી હતી. જેથી ગંભીર ઈજાને કારણે લીલાબેનનું મોત નિપજયુ હતું. જે અંગે સરસવના રમેશકુમાર જીવાજી અસારીએ બાઈક ચાલક વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરના ભીલવાસની યુવતી ગુમ થતાં શોધખોળ

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના ભીલવાસમાં રહેતી યુવતી ચારેક દિવસ અગાઉ સ્કૂલમાં જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ થતાં તેણીની માતાએ ઘટના અંગે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભીલવાસમાં રહેતા જશીબેન સુંદરલાલ ભીલની ૧૮ વર્ષીય દિકરી સુમનબેન ગત તા.૨૧ સપ્ટેમ્બરના રોજ ઘરેથી સ્કૂલમાં જવાનું કહી નીકળી હતી. જે યુવતી આજદિન સુધી પોતાના ઘરે પરત ન ફરતા તેણીના પરિવારજનોએ શોધખોળ આદરી હતી. યુવતીની કોઈ ભાળ ન મળતા અંતે યુવતીની માતાએ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જૈનાચાર્ય શ્રી નમ્રમુનિ મહારાજના ૪૫મા જન્મોત્સવ નિમિત્તે યોજાયો માનવતા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૭

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું કે, શિક્ષણનો અર્થ છે મનુષ્યની ચેતનાનો વિસ્તાર કરવો. આપણા સંતો-મહંતો-આચાર્યો દ્વારા ગુણ-સંસ્કાર સિંચન દ્વારા વાસ્તવિક શિક્ષણ અપાય છે. પણ શિક્ષણ-ગુણ-સંસ્કાર આપવાની સાથે નમ્રતાનો ભાવ ભળે તે જ સાચો ધર્મ, એમ તેમણે ઉમેર્યુ હતુ.

અમદાવાદના શ્રી ઋષભદેવ જૈન સંઘ દ્વારા પરમ પૂજય ગુરૂદેવશ્રી નમ્રમુનિ મહારાજના ૪૫મા જન્મોત્સવના ઉપલક્ષ્યમાં યોજાયેલ ''માનવતા મહોત્સવ'' માં સંબોધતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, લેવાની નહીં પણ આપવાની ભાવના જાગે અને એ ભાવનામાં અહંકાર ન જાગે તે જ મોટી માનવતા છે. આચાર્યશ્રી નમ્રમુનિ મહારાજ જેવાં સંતોએ યુવાનોમાં રચનાત્મક પ્રવૃત્તિઓને પ્રેરીત કરવાનું મહામૂલું કાર્ય કર્યુ છે. તે જ મોટો માનવતા મહોત્સવ છે.

રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, સ્વાર્થ-પરાર્થ અને પરમાર્થ આ ત્રણ શબ્દો સાર્વત્રિક છે. પરંતુ એ બધામાં પરમાર્થ જ મહત્વનો છે. તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું હતુ કે, વૃક્ષ સ્વયં તપીને લોકોને છાંયડો આપે છે, સરોવર સ્વયં પાણી પીવાના બદલે લોકોની તરસ છીપાવે છે, વાદળ વરસીને સૃષ્ટિનું કલ્યાણ કરે છે અને સંતગણ 'સ્વ' માટે નહીં પરંતુ સમાજ માટે- માનવતા માટે અને કલ્યાણ માટે સદૈવ કાર્યરત રહે છે. તેમાં જ ધર્મનો સાર રહેલો છે. ધર્મ-માનવતા-અધ્યાત્મ-સેવા-પ્રેમ-સંયમ આ બધુ જીવનને સાર્થક બનાવે છે, ત્યારે તેના આચરણમાં જ જીવનની સાર્થકતા છે, એમ તેમણે ઉમેર્યુ હતુ.

રાજયપાલશ્રીએ સંત તુલસીદાસ અને નરસિંહ મહેતાનો ઉલ્લેખ કરી સૌને જોડવાની ભાવના રાખીને પરપીડાનો અનુભવ કરે એ જ સાચો ધાર્મિક છે, એમ ઉમેર્યુ હતુ. રાજયપાલશ્રી એ પૂજય ગુરૂદેવ નમ્રમુનિ મહારાજશ્રીના યુવા સંસ્કરણને એક પાઠશાળાનું રૂપ ગણાવ્યું હતુ.

આચાર્યશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે જૈન ધર્મના આદર્શો-સિદ્ધાંતોને વર્તમાન સમયની માંગ ગણાવી તેના આચરણ અનુસરણ માટે હિમાયત કરી હતી.

આ પ્રસંગે વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, મુંબઈના સાંસદશ્રી કિરિટ સોમૈયા, જૈન શ્રેષ્ઠિઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



## ખેડબ્રહ્માના માણેકચોકમાં ગણપતિનો અન્નકુટ ભરાયો

સમગ્ર રાજયમાં ગણેશ મહોત્સવની ધૂમ ચાલી રહી છે સાથે ગણપતિદાદાને રીઝવવા માટે પંડાલના આયોજકો અવનવા આયોજન કરી ગણપતિદાદા સમક્ષ પોતાની ભકિત અદા કરી રહ્યા છે. ખેડબ્રહ્મા શહેરના માણેકચોક સ્થિત મારૂતિ સેવા મંડળ દ્વારા છેલ્લા ૨૯ વર્ષથી ગણેશ મહોત્સવ ઉજવાય છે અને ૧૫ વર્ષથી ભગવાનને અન્નકુટ ધરાવાય છે. શુક્રવારના રોજ ગણપતિદાદાને લાડુ,મોદક, ફરસાણ, મીઠાઈ, ચોકલેટ, આઈસ્ક્રીમ, ઠંડા પીણા બીસ્કીટ સહિત ૧૧૧ આઈટમનો અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગણપતિ દાદાની મૂર્તિ દાતા રાજગોર હિરાલાલ જામેશ્વરભાઈ, મારૂતિ મંડળના આયોજકો સહિત ભકતોએ દર્શનનો લ્હાવો લઈ દાદાને આવતા વરસે જલદી આવવા પ્રાર્થના કરી હતી.

# સીતવાડામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

પ્રાંતિજ, તા.૨૭

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે આવેલ શિવમ ઉ.બુ. વિદ્યાલય ખાતે પ્રાંતિજ-તલોદનું ૧૨મું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું.

પ્રાંતિજના બોરીયા સીતવાડા ખાતે આવેલ શકિત કેળવણી મંડળ સંચાલિત શિવમ ઉ.બુ. વિદ્યાલય ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર તથા જિલ્લા શિક્ષક અધિકારી કચેરી હિંમતનગર દ્વારા પ્રાંતિજ-તલોદનું ૧૨મું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં ૫૭ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓ દ્વારા ૬૭ જેટલી કૃતિઓ બનાવી રજુ કરવામાં આવી હતી. જયારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કે.એન. ચૌધરી, એ.જી. પટેલ, મીઠાભાઈ પટેલ સહિત વિવિધ શાળાઓનો સ્ટાફ તથા આચાર્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પાંચ વિજેતા શ્રેષ્ઠ કૃતિઓ જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં મોકલવામાં આવશે.

# વિદ્યાસહાયકોના કાયમી ખાતા નંબર મોકલવા માટેનો આદેશ

અમદાવાદ,તા. ૨૭

નવર્વિધત પેન્શન યોજના અન્વયે વિદ્યા સહાયકોના કાયમી ખાતા નંબર ખોલવાના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણ નિયામકે રાજ્યના તમામ જિલ્લાના ડિસ્ટ્રીક્ટ પ્રાયમરી એજયુકેશન ઓફિસર (ડીપીઈઓ)ને પરિપત્ર મોકલ્યો છે. આ પરિપત્રમાં નવ વિંધત પેન્શન યોજના અન્વયે વિદ્યા સહાયકોને કાયમી ખાતા નંબર ખોલવા માટે દરખાસ્ત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક મોકલવા આદેશ કર્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર તરફથી પ્રાથમિક શિક્ષકો માટે જીપીએફ યોજનાના બદલે સીપીએફ યોજના દાખલ કરવામાં આવી છે. વિદ્યા સહાયક તરીકે નિમણૂંક થયા બાદ પાંચ વર્ષના અંતે પ્રાથમિક શિક્ષક તરીકેના નિયમિત પગાર ધોરણમાં સમાવવા આવતા આવા પ્રાથમિક શિક્ષકોના સીપીએફ ખાતા ખોલવા માટેની દરખાસ્ત પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને મોકલવા માટેની તાકિદ કરાઈ છે. સીપીએફ એકાઉન્ટ ખોલવાની પ્રક્રિયા કાયમી છે. જેમ જેમ શિક્ષકની નિમણૂંક રેગ્યુલાઈઝ થાય તેમ તેમ આ કામગીરી આગળ ધપાવવાની રહેશે. આ દરખાસ્તો સાથેના ફોર્મ સાથેના આધાર પર બિડાણો વધારે હોવાને લીધે પોસ્ટલ પાર્સલ કે સાદી ટપાલમાં વિલંબ થવાનો કે ગેરવલ્લે જવાની સંભાવના છે તેથી ડીપીઈઓ કચેરીના જાણકાર કચેરીઓને દરખાસ્ત મોકલવા સૂચના આપવામાં આવે છે. નક્કી કરેલા દિવસ સિવાય કર્મચારીને દરખાસ્ત મોકલવાની રહેશે નહીં તેમ પરિપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

## ચપટીનો રાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના કલાકારો રાજસ્થાનના શિરોહી ગામમાંથી સનેડાના ગીતો મેળવીને પ્રકટીસ કરી રહયા છે.

નવદુર્ગાની નવરાતના દિવસો હવે નજીકમાં છે. નવરાત્રીમાં ગરબે ઘુમવા નવયૌવન સજ્જ થઈ રહયુ છે. ત્યારે શહેરમાં ગરબાની તાલીમ આપતા વર્ગો પણ ધમધમી રહયા છે. શહેરમાં મોટાભાગના સેકટરોમાં ગરબાના વર્ગોમાં યુવક યુવતિઓ તેમજ સિનિયર સિટિઝન્સ પણ વિવિધ સ્ટેપ્સ શીખવા કમર કસી રહયા છે. સામાન્ય રીતે ગરબાના વર્ગોમાં દોઢીયુ પોપટીયુ રાસ તેમજ રાજસ્થાની પ્રકારની વિવિધ સ્ટાઈલ શીખવાડવામાં આવે છે. પરંતુ સમયની સાથે ગરબા મેદાનમાં સજ્જ થઈને ઘુમચા ખૈલેયાઓમાં ડ્રેસીંગમાં પણ વિવિધતા જોવા મળે છે.

કલાત્મક અને ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈને ગરબે ઘુમતા ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસ તૈયાર કરવા પણ ઘણી મહેનત કરે છે. ત્યારે આગામી નવરાતમાં ડ્રેસીસમાં જ નહીં પરંતુ ગરબાના સ્ટેપ્સમાં પણ વેરાયટી જોવા મળશે. ખૈલેયાઓ કાઠીયાવાડી ફ્રી સ્ટાઈલ ઉપરાંત રાજસ્થાની સનેડો અને ચોવીસ ચપટીનો રાસ પણ તૈયાર કરી રહયા છે. ગરબા મેદાનમાં આ રાસ રજુ કરવા હાલ કલાકારો પ્રેકટીસમાં લાગી ગયા છે. સુરાંગન કલા સંસ્થાના તુષાર શર્માએ જણાંવ્યુ હતુ કે ચપટી રાસના અંતે શ્રોતાઓને કોઈ પ્રોગ્રામ જોયો હોય તેવુ ફીલ થશે.આ ઉપરાંત નવા કલાકારોમાં હાઈ જમ્પવાળા કાઠીયાવાડી રાસ શીખવાનો પણ વિશેષ ઉત્સાહ જોવા મળે છે. જયારે આ વર્ષે રાજસ્થાની સનેડો રમવા માટે પણ અત્યારે પ્રકટીસ ચાલી રહી છે. આ માટે રાજસ્થાનના શિહોરી ગામમાંથી બે ત્રણ ગીતો મેળવી સ્ટેપ્સ શીખવા પ્રકટીસ કરવામાં આવી રહી છે.

## માર્ગો બિસ્માર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છવાયેલો જોવા મળે છે. જેના પરિણામે સેકટરવાસીઓ તોબા પોકારી ગયા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ લાંબા સમયથી હાથ ન ધરાતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. નવા સેકટરોમાં અંદાજિત પાંચ વર્ષ અગાઉ રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે ચોમાસા દરમિયાન પણ માર્ગેનુ ધોવાણ થતા હાલ સેકટરોના આંતરિક માર્ગો સાવ બિસ્માર હાલતમાં છે. માર્ગો પરથી ડામરની ડમરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. સે ૧ થી ૫ માં રસ્તાઓના રિસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે તંત્ર દ્વારા આ અન્વયે રસ્તાઓના નવિનીકરણની કામગીરી માટે વિભાગને દરખાસ્ત કરી હતી. પરંતુ વિભાગ કક્ષાએથી કોઈ મંજુરી ન અપાતા હજુ સુધી આ કામ શરૂ કરી શકાયુ નથી. જયારે બીજીતરફ રસ્તાઓની હાલત બદતર બનતા સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે.

## વધુ પાંચ ટકા... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

તેમજ રાજ્યના મુખ્ય ધોરીમાર્ગો ઉપર વે સાઈડ સુવિધાઓનો વિકાસ કરાશે.

રાજ્યમાં નવી એર સ્ટ્રીપ બનાવી પી.પી.પી. મોડ દ્વારા પ્રાદેશિક એર કનેક્ટિવીટી ઉભી કરાશે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં સ્ત્રીઓ અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ વિશેષ રીતે સક્ષમ એવા રોકાણકારોને નાણાંકીય સહાય આપવામાં આવશે.

નવી પ્રવાસન નીતિ અંતર્ગત જાહેર ખાનગી ભાગીદારી મોડ હેઠળ ટુરીઝમ પ્રોજેક્ટ્સનું અમલીકરણ કરવામાં આવશે. તેમજ સમયાંતરે હોટલો માટેના નિયમોની સુધારણા દ્વારા હોટેલોના બાંધકામ માટે પ્રોત્સાહન અપાશે.

## સ્માર્ટ સીટી બનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતો પ્રમાણે કેન્દ્ર સરકારે ઓકટો-૩૧ સુધી સૂચનો લોકો પાસેથી મેળવી લોકો કયા કામને અગ્રતા આપવા માગે છે તે પ્રમાણે અગ્રતાક્રમ નિયત કરો અને ત્યારબાદ તેના આયોજન સાથેની વિધિવત્ દરખાસ્ત કરવામાં આવે. જેની ચકાસણીને અંતે આ ગ્રાન્ટ છુટી કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે આમ તો સ્માર્ટસીટી પ્રોજેક્ટ માટેના જે માપદંડો નિયત કર્યા છે તેમાં પણ લોકભાગીદારી પર ભાર મુકવામાં આવ્યો છે તેમજ જીવન ધોરણ અપગ્રેડેશન પર પણ એટલો જ ભાર મુકવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર આમ તો આયોજનથી વિકસાવાયેલુ શહેર છે અને આંતર માળખાકીય સુવિધાઓ પણ છે પરંતુ તેના વિકાસ માટેની ગતિ છેલ્લા ઘણા સમયથી ધીમી પડી છે. અને અહિ રચાયેલ મનપાના તંત્રને પણ સફાઈ સિવાયની કોઈ સેવાઓ સુપ્રત કરવામાં આવી નથી ત્યારે લોકોની ઈચ્છા વધુ મહત્વની બનશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૨૧માં યોજોયલ કાર્યક્રમ દરમ્યાન લોકોએ ટ્રાફિક, લાઈટ, પાર્કિંગ સહિત શૌચાલયની સુવિધા ઉપરાંત સ્વચ્છતાને લઈ ઘણી બધી રજુઆતો કરી છે. તંત્ર હાલ તો સૂચનો અંગે કે મળેલા સૂચનોને લઈ કંઈ બોલવાની ઉતાવળમાં નથી પરંતુ વધુને વધુ લોકો આ સૂચનો આપવાની બાબતમાં સક્રિય બને તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.



## પાલનપુરમાં વિવિધ વિકાસ કામોનું ખાત મૂહુર્ત

પાલનપુર નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૩ કરોડ રૂપિયાના વિકાસ કામોનું ખાત મૂહુર્ત કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ હસમુખ પઢિયાર, ગોવિંદભાઈ પ્રજાપતિ, હરેશ જાની, અનિકેતભાઈ ઠાકર, નગીનદાસ મોદી, દલપત બારોટ, જયેશભાઈ ચૌધરી, નગરપાલિકાની વિવિધ નગરપાલિકા કમિટિના પદાધિકારીઓ હાજર રહ્યા હતાં.